વિકસિત ગ્રામ પંચાયતોમાં વિઝીટર સેન્ટર વિકસાવવા માટે આંતર માળખાકીય સુવિધાઓ આપવાની યોજના અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક – બજટ/૧૦૨૦૧૫/૩૦૮૩/ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૫/૨૦૧૬

**વંચાણે લીધા:**

૧. વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૮/૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક - વિક/પંચાયત/યુ.૩-૧૭/વશી/૨૦૧૬.

૨. વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૪/૩/૨૦૧૬નો પત્ર ક્રમાંક - વિક/પંચાયત/યુ.૩/વશી/૨૦૮/૨૦૧૬.

૩. વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૨૬/૪/૨૦૧૬નો પત્ર ક્રમાંક - વિક/પંચાયત/યુ.૩/વશી/૪૦૧/૨૦૧૬.

**આમુખ:**

રાજયની વિકસિત ગ્રામ પંચાયતોના થયેલ વિકાસનો સંદેશો અન્ય ગ્રામ પંચાયતોમાં પહોંચે અને અન્ય પંચાયતો પણ પોતાના હયાત સાધનો દ્વારા વધુ વિકાસ કરે તથા રાજયની અન્ય ગ્રામ પંચાયતોના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ પોતાના ગામમાં માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા, નાગરિકલક્ષી સેવાઓનો વ્યાપ વધારવા તથા ગામની આવકમાં વધારો કરી સ્વાવલંબી બનવા માટેના મુદ્દાઓ પ્રત્યે વધુ સજાગ બને તે હેતુથી રાજયની શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોની પસંદગી કરી આ ગ્રામ પંચાયતોમાં વિઝીટીંગ સેન્ટર વિકસાવવાના આશયથી ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧)(૨) અને (૩) પરના પત્રથી વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરે રૂ.૧૦૦/-લાખની નવી બાબતની જોગવાઇ સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરીને ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી.

વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરની ઉપર્યુક્ત દરખાસ્ત ધ્યાને લઇને રાજયની શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોની પસંદગી કરી આ પંચાયતોમાં વિઝીટીંગ સેન્ટર વિકસાવવા માટે આંતર માળખાકીય સુવિધાઓ આપવાની યોજના અમલમાં મૂકવાની તથા આ બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અંગે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

આ યોજના "વિકસિત ગ્રામ પંચાયતોમાં વિઝીટર સેન્ટર વિકસાવવા માટે આંતર માળખાકીય સુવિધાઓ આપવાની યોજના" તરીકે ઓળખાશે. આ યોજના અંગેની સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં થયેલ બજેટ જોગવાઇ રૂ.૧૦૦/-લાખની નવી બાબતને સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ અમલીકરણ કરીને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત રાજ્યની જે ગ્રામ પંચાયતોએ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત, રાષ્ટ્રિય ગૌરવ ગ્રામસભા, નિર્મળ ગામ, સમરસ ગ્રામ પંચાયત જેવા એવૉર્ડ મેળવેલ હોય તેવી ગ્રામ પંચાયતોમાંથી પ્રથમ તબકકામાં નીચે મુજબની ૧૦(દસ) ગ્રામ પંચાયતોને આવરી લેવાનું ઠરાવેલ છે.

| અ.નં. | ગામનું નામ | તાલુકાનું નામ | જિલ્લાનું નામ | મેળવેલ એવૉર્ડ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પુંસરી | તલોદ | સાબરકાંઠા | શ્રેષ્ઠ ગ્રા.પં. - વર્ષ ૨૦૧૨-૧૩<br>નિર્મળ ગામ - ૨૦૧૦ |
| ૨ | દરામલી | ઇડર | સાબરકાંઠા | નિર્મળ ગામ - ૨૦૦૭ |
| ૩ | જાસપુર | કલોલ | ગાંધીનગર | શ્રેષ્ઠ ગ્રા.પં. – વર્ષ ૨૦૧૪-૧૫ |
| ૪ | રાસ | બોરસદ | આણંદ | શ્રેષ્ઠ ગ્રા.પં. – વર્ષ ૨૦૧૧-૧૨ |
| ૫ | જાવલા | સાવલી | વડોદરા | શ્રેષ્ઠ ગ્રા.પં. – વર્ષ ૨૦૧૨-૧૩<br>રાષ્ટ્રિય ગૌરવ ગ્રામસભા - ૨૦૧૩-૧૪ |
| ૬ | નાની ભમતી | વાંસદા | નવસારી | શ્રેષ્ઠ ગ્રા.પં. – વર્ષ ૨૦૧૪-૧૫<br>નિર્મળ ગામ - ૨૦૦૮ |
| ૭ | જમાલીયા | વાંસદા | નવસારી | રાષ્ટ્રિય ગૌરવ ગ્રામસભા - ૨૦૧૨-૧૩<br>શ્રેષ્ઠ ગ્રા.પં. – વર્ષ ૨૦૧૧-૧૨<br>નિર્મળ ગામ - ૨૦૦૭ |
| ૮ | કરચેલીયા | મહુવા | સુરત | શ્રેષ્ઠ ગ્રા.પં. – વર્ષ ૨૦૧૧-૧૨<br>નિર્મળ ગામ - ૨૦૦૮ |
| ૯ | રાણાબોરડી | રાણાવાવ | પોરબંદર | રાષ્ટ્રિય ગૌરવ ગ્રામસભા - ૨૦૧૪-૧૫<br>નિર્મળ ગામ - ૨૦૦૮ |
| ૧૦ | રાજસમઢીયાળા | રાજકોટ | રાજકોટ | નિર્મળ ગામ - ૨૦૦૫ |

વર્ષ ૨૦૧૬-૧૭માં પસંદ થયેલ ઉકત ગ્રામ પંચાયતોને અનુદાનની ફાળવણી જે તે જિલ્લા પંચાયતો મારફત વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરે કરવાની રહેશે. સંબંધિત ગ્રામ પંચાયતે આ માટે ઠરાવમાં દર્શાવેલ કામોમાં ખર્ચ કરવાનો રહેશે અને તે અંગે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને નાણાંકીય અને ભૌતિક પ્રગતિનો અહેવાલ અચૂક મોકલવાનો રહેશે.

**યોજનાનો હેતુ** -

રાજયની નમૂનારૂપ ગ્રામ પંચાયતોની મુલાકાત લઇ રાજયની અન્ય ગ્રામ પંચાયતો/તાલુકા પંચાયતો/જિલ્લા પંચાયતોના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ પ્રેરણા મેળવે, પોતાના ગામને વધુ સુવિધાયુકત ગામ બનાવે અને તેના દ્વારા નાગરિકોને મળતી સુવિધામાં વધારો થાય, ગ્રામ પંચાયતો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા થાય, ઉપરાંત, શ્રેષ્ઠ અને નમૂનારૂપ કામગીરી કરનાર ગ્રામ પંચાયતો પોતાના ગામમાં થયેલ કામગીરીને વધુ સારી રીતે પ્રદર્શિત કરી શકે તે માટેનું સુવિધાયુકત સેન્ટર વિકસિત કરી શકે તે માટે જરૂરી સાહિત્ય, ડૉકયુમેન્ટરી તૈયાર કરી શકે અને મુલાકાત લેનાર પદાધિકારીશ્રીઓને સુવિધા પૂરી પાડી શકે તે માટે તેમને અનુદાન ફાળવવાનો યોજનાનો મુખ્ય હેતુ છે.

**યોજનાનું અમલીકરણ** -

આ યોજનાનું અમલીકરણ સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા કરવાનું રહેશે. જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા અને તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા મૉનિટરીંગની વ્યવસ્થા કરવાની રહેશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ અંગેનો ત્રિ-માસિક અહેવાલ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલવાનો રહેશે.

**યોજના હેઠળ કરવાનો થતો ખર્ચ** -

આ યોજના હેઠળ પસંદ થયેલ પ્રત્યેક ગ્રામ પંચાયતને રૂ.૧૦/-લાખનું ફંડ આપવામાં આવશે. **જેનો વપરાશ નીચેના હેતુઓ માટે ગ્રામ પંચાયત કરી શકશે.**

**(૧) વિઝીટીંગ સેન્ટરના મકાન બાંધકામ માટે અંદાજિત રૂ.૬/-લાખ.**

**(૨) વિઝીટીંગ સેન્ટરમાં ફર્નિચર માટે અંદાજિત રૂ.૧.૫૦/-લાખ.**

**(૩) ગ્રામ પંચાયતનો પરિચય, ગ્રામ પંચાયત દ્વારા થયેલ નમૂનારૂપ કામગીરીને પુસ્તકના સ્વરૂપમાં છપાવવાનો ખર્ચ, જરૂરી પેમ્ફલેટ તૈયાર કરવા તથા તે અંગેની ડૉકયુમેન્ટરી તૈયાર કરવા માટે અંદાજિત રૂ.૧/-લાખ.**

(૪) પ્રૉજેકટર, કમ્પ્યુટર અને આનુષાંગિક સાધનો માટે અંદાજિત રૂ.૧/-લાખ.

(૫) રિવૉલ્વીંગ ફંડ માટે રૂ.૦.૫૦/-લાખ.

(૬) મુલાકાત લેનાર પદાધિકારીશ્રી / અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓની સરભરા માટે કુલ ગ્રાન્ટ(અનુદાન)ના **૧% (એક ટકા)** ની મર્યાદામાં ખર્ચ કરી શકશે.

(૭) આ બાબતે કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ કરાવી શકશે.

ઉક્ત હેતુઓ સિવાયના હેતુ માટે ખર્ચ કરવા સંદર્ભે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત રહેશે.

**શરતો** -

(૧) આ યોજના અંતર્ગત પસંદ થયેલ ગ્રામ પંચાયતોને એક જ વખત સહાય આપવાની રહેશે, અને તેમણે ઉભા કરેલા સ્થાયી માળખાના મરામત અને જાળવણી માટે પછીના/આગામી વર્ષોમાં ગ્રામ પંચાયતે તેના સ્વ-ભંડોળમાંથી ખર્ચ કરવાનો રહેશે. રાજય સરકાર તરફથી આ અંગેની કોઇ ગ્રાન્ટ(અનુદાન) આપવામાં આવશે નહીં.

(૨) સંબંધિત જિલ્લાએ આ અંગે કાંમ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર (યુ.ટી.સી.) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને આપવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો હયાત સાધન/સામગ્રી ની સમીક્ષા કરી જરૂર હોય તેટલી જ ખરીદી સરકાર દ્વારા નિયત થયેલ પદ્ધતિથી કરવાની રહેશે.

(૪) સાધન સામગ્રીની ખરીદી અંગે ડેડસ્ટૉક રજિસ્ટરમાં અચૂક નોંધ કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામા કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક – એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં "ઇ"-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ યોજના અંગેનો ખર્ચ સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સામાન્ય સદરે માંગણી ક્રમાંક – ૭૦, મુખ્ય સદર – ૨૫૧૫ (અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો), પેટા મુખ્ય સદર – ૦૦, ગૌણ સદર – ૧૦૨ (સમૂહ વિકાસ), પેટા સદર – ૦૪, સી.ડી.પી. - ૫, આયોજન હેઠળ થયેલ રૂા.૧૦૦/- લાખની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.3/૫/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત), માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નર-વ-અગ્રસચિવશ્રી, ગ્રામવિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત...)
- સંબંધિત ગ્રામ પંચાયતો. (સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફત...)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- શાખા સિલેકટ ફાઈલ.